ક્રમાંક : જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/૧(૯)/૧૭
જીઆઇડીસી, ઉધોગભવન, ગાંધીનગર.
તા. ૧૮/૦૭/૨૦૧૪

## // પરિપત્ર //

**વિષય:- નિગમની ફાળવણીની તારીખથી ૬ (છ) વર્ષથી ઉપરના વણવપરશી પ્લોટ/ શેડ, રહેણાંક પ્લોટ, વાણિજ્ય પ્લોટ તથા અન્ય મિલ્કતોના કિસ્સાઓમાં ઉપયોગની સમય મર્યાદા વધારી આપવા બાબત.**

નિગમની ૪૭૬ મી સભા સમક્ષ ઉપર જણાવેલ વિષય બાબતે કાર્યસૂચિ સાદર કરવામાં આવેલ. જે નિગમની સભા ધ્વારા ઠરાવ ક્રમાંક : ૧૭/વિતરણ/૪૭૬/૨૦૧૪ થી મંજૂર કરવામાં આવેલ. તે અનુસાર નિગમની જુદી જુદી વસાહતોમાં ૬ (છ) વર્ષ કે તે પૂર્વે ફાળવવામાં આવેલ ઔદ્યોગિક પ્લોટ/ શેડ, રહેણાંક પ્લોટ, વાણિજ્ય પ્લોટ તથા અન્ય મિલ્કતોના વપરાશ માટે જે ફાળવણીદાર ધ્વારા વપરાશ કરવામાં આવેલ નથી અને આવી મિલ્કતોના ઉપયોગ માટે જે તે ફાળવણીદાર પોતે અથવા ફાળવણીદારના સીધી લીટીના વારસદાર ધ્વારા ફાળવેલ મિલ્કતના ઉપયોગ માટે સમય મર્યાદા વધારવા માટેની અરજી કરવામાં આવે તો તેવા ફાળવણીદારને સમય મર્યાદા વધારી આપવા તથા અગાઉની સમય મર્યાદા વધારી આપવાની નીતિ અન્વયે સમયબધ્ધ કાર્યક્રમ અંતર્ગત સમય મર્યાદમાં અરજી કરી શકેલ ન હોય અથવા સમય મર્યાદા બાદ અરજી વડી કચેરીને મળેલ હોય અથવા સમય પૂર્ણ થયા બાદ અરજી કરેલ હોય તેવા કિસ્સાઓ કે જે અનિર્ણીત રહેલ હોય તેવા તમામ કિસ્સાઓને તા. ૩૧/૦૩/૨૦૧૫ સુધી વપરાશ અંગેની સમય મર્યાદા વધારી આપવા બાબતે નીચે મુજબની નીતિ અમલમાં આવશે.

જે ફાળવણીદારોને નિગમની વણવપરાશી મિલ્કતની સમયમર્યાદા વધારી આપવાની અગાઉની નીતિ અંતર્ગત વણવપરાશની સમય મર્યાદા તા. ૩૧/૦૩/૨૦૧૪ સુધી વધારી આપવામાં આવેલ. પરંતુ, નિયત સમય મર્યાદામાં તેઓ પોતાની વણવપરાશી મિલ્કતનો ઉપયોગ ન કરી શક્યા હોય તેવા તમામ ફાળવણીદારોએ પોતાની વણવપરાશી મિલ્કતની સમય મર્યાદા વધારી આપવા માટેની અરજી નિગમની જે તે ક્ષેત્રિય કચેરીને મળી જાય તે રીતે કરવાની રહેશે. આવી અરજી સાથે ફાળવણીદારો નિગમના તમામ બાકી લ્હેણા તેમજ તેમની પાસેથી વસૂલવાની થતી વણવપરાશી દડંકીય રકમ જમા કરાવવાની રહેશે.

જે ફાળવણીદારોએ તેઓને નિગમ ધ્વારા ૬ (છ) વર્ષ કે તે પૂર્વે ફાળવવામાં આવેલ મિલ્કતનો ઉપયોગ આજ સુધી કર્યો નથી તેમજ તેઓએ વણવપરાશી મિલ્કતની સમય મર્યાદા વધારી આપવાની નિગમની અગાઉની નીતિઓનો લાભ લીધેલ નથી તેવા ફાળવણીદારો પણ આ નીતિનો લાભ લઈ શકશે અને તે માટે તેઓએ પોતાની વણવપરાશી મિલ્કતની સમય મર્યાદા વધારી આપવા માટેની અરજી નિગમની જે તે ક્ષેત્રિય કચેરીને મળી જાય તે રીતે કરવાની રહેશે. આવી અરજી સાથે ફાળવણીદારે નિગમના તમામ બાકી લ્હેણા તેમજ તેમની પાસેથી વસૂલવાની થતી વણવપરાશી દડંકીય રકમ જમા કરાવવાની રહેશે.

ઉપરાંત નિગમ ધ્વારા કેટલીક વસાહતોમાં ફાળવેલ મિલ્કતોની નિયત કરેલ ૬ વર્ષની સમય મર્યાદા હાલ પૂર્ણ થવામા છે અને ફાળવણીદાર ધ્વારા તેવી મિલ્કતો વિવિધ કારણોસર વણવપરાશી રહી જવા પામેલ છે તેવા તમામ ફાળવણીદારોએ પોતાની વણવપરાશી મિલ્કતની સમય મર્યાદા વધારી આપવા માટેની અરજી નિગમની જે તે ક્ષેત્રિય કચેરીને મળી જાય તે રીતે કરવાની રહેશે. આવી અરજી સાથે ફાળવણીદારે નિગમના તમામ બાકી લ્હેણા તેમજ તેમની પાસેથી વસૂલવાની થતી વણવપરાશી દડંકીય રકમ જમા કરાવવાની રહેશે.

website
A v1

નિગમની ક્ષેત્રિય કચેરીઓ ધ્વારા તેઓને વણવપરાશી મિલ્કતની સમયમર્યાદા વધારી આપવા માટે મળેલ તમામ અરજીઓ જરૂરી પુર્તતા સાથે, જરૂરી મંજૂરી મેળવવા માટે નિગમની વડી કચેરીએ મોકલી આપવાની રહેશે. વડી કચેરીની વિતરણ શાખા ધ્વારા તેઓને પ્રાપ્ત થનાર તમામ અરજીઓ ઉપર નિર્ણય લઈ તેને ક્ષેત્રિય કચેરીએ મોકલી આપવાની રહેશે. ક્ષેત્રિય કચેરીઓએથી મળેલ આવી દરખાસ્ત ઉપર નિર્ણય લેવાની સત્તા કાર્યપાલક નિયામકશ્રી (વિતરણ) ની રહેશે. ક્ષેત્રિય કચેરી ધ્વારા આવી અરજીઓ ઉપર વડી કચેરીએ લીધેલ નિર્ણયની જાણ તમામ અરજદારોને ફાઈલ ક્ષેત્રિય કચેરીને મળે તે દિવસથી ૧૫ દિવસની અંદર કરવાની રહેશે.

પાત્રતા ધરાવતા અરજદારોને તેઓની વણવપરાશી મિલ્કતને વપરાશમાં લેવાની સમય મર્યાદા તા. ૩૧/૦૩/૨૦૧૫ સુધી વધારી આપવાની રહેશે.

અરજદારે પોતાની વણવપરાશી મિલ્કતની સમય મર્યાદા વધારી આપવા માટેની અરજી સાથે નિગમના તમામ અગાઉના બાકી લ્હેણા તથા વણવપરાશી દંડકીય રકમ પણ ભરપાઈ કરવાની રહેશે અને ત્યારબાદ વડી કચેરીએથી થયેલ નિર્ણય અનુસાર ક્ષેત્રિય કચેરી ધ્વારા ફાળવણીદારને સમય મર્યાદા વધારી આપવા અંગેનો હુકમ જારી કરવાનો રહેશે.

નિગમ ધ્વારા વણવરાશી મિલ્કતોની સમય મર્યાદા વધારી આપવાની હાલની નીતિ મુજબ વણવપરાશી દંડકીય રકમ પૂર્ણવિકસિત વસાહતમાં પ્રતિ વર્ષ પ્રવર્તમાન વિતરણ દરના ૩% લેખે તથા અલ્પવિકસિત વસાહતમાં વણવપરાશી દંડકીય રકમ પ્રતિ વર્ષ પ્રવર્તમાન વિતરણ દરના ૨% લેખે વસૂલવાની રહેશે. જે કોઈ અરજદાર તેમના બાકી લ્હેણા તેમજ તેમના ધ્વારા ભરવાની થતી વણવપરાશી પેનલ્ટીની રકમની માહિતી ક્ષેત્રિય કચેરી પાસે માંગે તો તેઓને આ માહિતી ક્ષેત્રિય કચેરી ધ્વારા વિના કોઈ વિલંબે આપવાની રહેશે.

ઉપરોક્ત પરિપત્ર મળ્યા અંગેની પહોંચ તમામ ક્ષેત્રિય કચેરીના વિતરણ અધિકારીશ્રીએ કાર્યપાલક નિયામકશ્રી, વિતરણને નામ જોગ પત્ર ધ્વારા પાઠવવાની રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ....... જાણ સારુ.

<u>નકલ જયભારત સહ રવાના:</u>

- પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ.......તરફ જાણ સારૂ.
- પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો..............તરફ જાણ સારૂ.
- મેનેજરશ્રી (એસ.એન્ડએ.), જીઆઈડીસી, ગાંધીનગર.............નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું:
Parikh
જનરલ મેનેજર (ઈ.એન્ડએ.)

TO,
PROGRAMEER